દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬

# બલોચિસ્તાનના હાલના હુમલાઓ અમેરિકા અને ચીન માટે પણ ચેતવણીના ઘંટ સમાન છે

ગત શનિવારે પાકિસ્તાનમાં બલોચ વિદ્રોહીઓ દ્વારા છેલ્લા કેટલાક દાયકાઓનો સૌથી મોટો હુમલો કરવામાં આવ્યો હતો. સમગ્ર બલૂચિસ્તાનમાં બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA) ના વિદ્રોહીઓએ સંકલિત આત્મઘાતી વિસ્ફોટો અને હુમલાઓ કર્યા હતા, જેમાં નાગરિકો, પોલીસ, સૈન્ય અને અર્ધલશ્કરી મથકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ ઘટનાએ પ્રાંતના ઇતિહાસમાં સૌથી ઘાતક દિવસોમાંના એક તરીકે નિશાની છોડી છે. હુમલાને પગલે સર્જાયેલી અથડામણોમાં જો કે મોટી સંખ્યામાં બલોચ વિદ્રોહીઓ માર્યા ગયા છે પરંતુ તે સાથે જ નોંધપાત્ર સંખ્યામાં સુરક્ષા કર્મચારીઓ પણ માર્યા ગયા છે. આ હુમલાઓ ખૂબ ધ્યાન ખેંચનારા એટલે બની રહ્યા છે કે આ હુમલાઓ સૂચવે છે કે બલોચ અલગતાવાદીઓ હવે આકરા બન્યા છે અને મરણિયા હુમલાઓ કરી રહ્યા છે. આ હુમલાઓનું પ્રમાણ તથા વ્યાપકતા અમેરિકા અને ચીન બંને માટે એક ચેતવણી સમાન છે, કારણ કે આ પ્રદેશમાં બંને દેશોના મોટા હિતો જોડાયેલા છે. બલૂચિસ્તાન ભલે ઓછું વિકસિત હોય, પરંતુ ત્યાં કુદરતી ગેસ અને દુર્લભ ખનિજોના વિશાળ ભંડાર છે. જેના કારણે પાકિસ્તાન, ચીન CPEC અને હવે જટિલ ખનિજોમાં રસ ધરાવતું અમેરિકા પણ અહીં ભારે રોકાણ કરી રહ્યા છે. ચીન તો CPEC ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા આ પ્રદેશમાં લાંબા સમયથી મોટા પાયે રોકાણ કરી રહ્યું છે. વિદેશ નીતિના નિષ્ણાત માઈકલ કુગલમેને X (અગાઉના ટ્વિટર) પર લખ્યું હતું કે, બલૂચિસ્તાનમાં આ હુમલાઓ વ્હાઈટ હાઉસ ખાતેના લોકો સહિતના તે લોકો માટે એક આંખ ઉઘાડનારી ચેતવણી સમાન હોવા જોઈએ જેઓ પાકિસ્તાનના ખનિજ ભંડારોમાં રોકાણ કરવા આતુર છે. BLAની મુખ્ય ફરિયાદોમાંની એક સ્થાનિક સંસાધનોનું વિદેશો દ્વારા કરવામાં આવતું દોહન છે. બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA) એ શનિવારે શરૂ કરેલા સંકલિત બોમ્બ ધડાકા અને હુમલાઓને હેરોફ-૨ નામ આપ્યું હતું. 'હેરોફ' એ બલોચ સાહિત્યિક શબ્દ છે જેનો અર્થ "કાળું તોફાન" થાય છે. જો કે ૨૦૨૪માં શરૂ થયેલ 'હેરોફ-૧' મુખ્યત્વે સુરક્ષા કર્મચારીઓ સુધી મર્યાદિત હતું, પરંતુ હેરોફ-૨ની વ્યાપકતા અને ક્ષેત્ર ઘણું વધારે જણાય છે.

પાકિસ્તાની લશ્કરી નિવેદનો અને અહેવાલો અનુસાર, ક્વેટા, નોશ્કી, મસ્તુન્ગ, ગ્વાદર, તુર્બત અને કલાત સહિતના અનેક શહેરોમાં સરકારી ઈમારતો અને સુરક્ષા મથકો પર એકસાથે હુમલા થયા હતા. ક્વેટામાં ગુપ્તચર વિભાગના એક અધિકારીના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ૮૦૦ થી ૧,૦૦૦ જેટલા લડવૈયાઓ સામેલ હોઈ શકે છે. મસ્તુન્ગમાં વિદ્રોહીઓએ સેન્ટ્રલ જેલ પર હુમલો કરીને ઓછામાં ઓછા ૩૦ કેદીઓને મુક્ત કરાવ્યા હતા, જ્યારે ગ્વાદરમાં સ્થળાંતરિત મજૂરો પર થયેલા હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત ૧૧ લોકોના મોત થયા હતા. મીડિયા અહેવાલો મુજબ આ હુમલામાં કુલ મૃત્યુઆંક ૨૦૦ સુધી પહોંચ્યો છે. મુખ્યમંત્રી સરફરાઝ બુગતીએ બીબીસીને જણાવ્યું હતું કે મૃતકોમાં ઓછામાં ઓછા ૩૧ નાગરિકો અને ૧૭ સુરક્ષાકર્મીઓ સામેલ છે, જ્યારે સૈન્યએ ૧૪૫ વિદ્રોહીઓને મારી નાખ્યા હોવાનો દાવો કર્યો છે. બીજી તરફ, BLA પ્રવક્તાએ આ દાવાને નકારી કાઢતા કહ્યું કે તેઓએ ૮૪ જવાનોને માર્યા છે અને તેમના માત્ર સાત લડવૈયાઓ શહીદ થયા છે. ભૌગોલિક રીતે પાકિસ્તાનનો સૌથી મોટો પ્રાંત હોવાથી બલૂચિસ્તાન વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનું છે. તે ઈરાન અને અફઘાનિસ્તાન સાથે સરહદ ધરાવે છે અને અરબી સમુદ્ર સુધી પહોંચ આપે છે. અહીંનું ગ્વાદર બંદર ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) હેઠળ ચીન, મધ્ય એશિયા અને મધ્ય પૂર્વને જોડતું મહત્વનું કેન્દ્ર છે. આ ઉપરાંત, આ પ્રાંત કુદરતી ગેસ, કોલસો, તાંબુ અને સોનાના ભંડારોથી સમૃદ્ધ છે. અમેરિકા અને ચીન બંનેની નજર આ સંસાધનો પર છે. ગત ડિસેમ્બરમાં અમેરિકાએ રેકો ડિક ખાતે ખનન માટે ૧.૨૫ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી હતી. ચીન માટે તો બલૂચિસ્તાન તેના 'બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ'નો મુખ્ય આધારસ્તંભ છે, જેના દ્વારા તે મધ્ય પૂર્વના તેલ પુરવઠા માટેનો ટૂંકો માર્ગ મેળવવા માંગે છે. જો કે, બલૂચિસ્તાનમાં આ આર્થિક હિતો જ સુરક્ષા માટે મોટું સંકટ બની રહ્યા છે. ૧૯૪૮થી ચાલી રહેલા આ આઝાદીના આંદોલનમાં BLAની મુખ્ય ફરિયાદ એ છે કે પાકિસ્તાનની કેન્દ્ર સરકાર પ્રાંતના સંસાધનોનું શોષણ કરી રહી છે, જ્યારે સ્થાનિક બલોચ લોકોને તેનો નહિવત લાભ મળી રહ્યો છે. વિદેશી હિતો આ શોષણને વેગ આપી રહ્યા હોવાનું માનીને વિદ્રોહીઓ હવે વધુ આક્રમક બન્યા છે. જો પાકિસ્તાન સરકાર સમજશે નહીં અને પોતાના વિદેશી સાથીઓની મદદથી બલોચ ધરતીનું દોહન ચાલુ રાખશે તો ભવિષ્યમાં હજી ગંભીર પરિણામો આવી શકે છે. અમેરિકા અને ચીન માટે પણ આ હુમલાઓ ચેતવણીના ઘંટ સમાન છે.

## બીજ વાવતાં રહો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

ટ્રેનમાં અજાણ્યા મુસાફરો મુસાફરી સાથે કરી રહ્યાં હોય ત્યારે એકમેક સાથે વાતો કરીને સમય પસાર કરે. આવી એક ટ્રેનની મુસાફરીમાં એક વૃદ્ધ માજી બારી પાસે બેઠાં હતાં અને બારી બહારનાં દૃશ્યો જોઈ રહ્યાં હતાં. તેમના હાથમાં એક કપડાની પોટલી હતી. માજી પોતાના હાથની પોટલીમાંથી થોડી થોડી વારે મોટી ચપટી દાણા ભરી બારીની બહાર ફેંકતાં હતાં. આજુબાજુનાં બધાં મુસાફરોનું ધ્યાન તેમની તરફ ગયું. ઘણી વાર સુધી બધાંએ જોયું કે માજી એકસરખાં થોડી થોડી વારે પોટલીમાંથી ચપટી ભરી ભરીને દાણા બહાર ફેંકી રહ્યાં છે.

માજીની સામે બેઠેલા એક સજ્જને ધીમે રહીને માજીને પૂછ્યું, '' બા, તમે આ શું કરો છો? આ પોટલીમાં શું છે?'' માજીએ પોટલી ખોલીને સજ્જનની સામે ધરી. બધાએ જોયું તો તેમાં વિવિધ જાતનાં બીજ હતાં. માજીએ કહ્યું, '' હું આ જુદાં જુદાં બીજ જ્યાં જાઉં ત્યાં સાથે લઈ જાઉં છું અને ઠેર ઠેર નાખતી રહું છું, જેથી જ્યાં અનુકૂળ વાતાવરણ મળે ત્યાં બીજમાંથી ઝાડ ઊગી શકે.''

આ જવાબ સાંભળી એક યુવાન મૂછમાં હસ્યો અને બોલ્યો, '' પણ માજી, આમ કરવાનું કારણ શું અને તેમાં તમને શું ફાયદો થશે?'' માજીએ કહ્યું, '' ભાઈ, ૭૦ વર્ષ જૂની વાત છે. અમારા ગામમાં ભયંકર દુકાળ પડ્યો હતો. બિલકુલ વરસાદ નહીં, પાણી નહીં, બધાં જળ, અન્ન વિના ભૂખે મરતાં હતાં. હું ત્યારે નવ વર્ષની બાળકી હતી, દુકાળના દિવસોમાં એક મહાત્મા ગામમાં આવ્યા. તેમણે ગામલોકોને સમજ આપી કે તમે ઘર, બાંધકામ, ઈંધણ અને ખેતીની જમીન માટે આડેધડ ઝાડ કાપ્યાં છે અને આ દુષ્કાળ તેનું પરિણામ છે.

મારું માનો તો વધુ ને વધુ ઝાડ વાવો. વધુ ને વધુ ઝાડ જાળવો અને ઉછેરો. ગામ લોકોએ એમ કર્યું અને એકસરખાં ઘણાં ઝાડ ઉગાડ્યાં, સતત ઝાડ ઉગાડવાથી, જાળવવાથી, ઝાડ ન કાપવાથી ધીમે ધીમે વર્ષો વિતતાં અમારું ગામ લીલુંછમ બની ગયું. વરસાદ પણ આવવા લાગ્યો અને ત્યારથી ગામનાં લોકોએ પ્રણ લીધું કે જ્યાં જઈશું, ત્યાં બીજ નાખીશું જેથી વૃક્ષો ઊગતાં રહે.

ધરતી લીલીછમ થતી રહે.મેં પણ પ્રણ લીધું હતું અને આજ સુધી તેનું પાલન કરી રહી છું. ભલે આમાં મારો કોઈ ફાયદો નથી પરંતુ આવનારી પેઢીને તો ફાયદો છે જ.''

માજીની વાત સાંભળી બધાએ તેમની વાતને તાળીઓથી વધાવી. માજી બોલ્યાં, મને તાળીઓની જરૂર નથી. માત્ર મારી સાથે જોડાઈ જાઓ, તમે પણ જ્યાં જાવ ત્યાં બીજ વાવતાં રહેજો. 'વૃક્ષો ઉગાડો અને જનજીવન અને ધરતી બચાવો.' આ સંદેશ બધાને સમજાવતાં રહેજો.

# 'સબ કા સાથ, સબ કા વિકાસ' પાછળ બજેટના આંકડાનું સત્ય

## કહેવાની વાત

નેહા શાહ

**કલ્યાણકારી યોજના પાછળના કુલ ખર્ચ ગયા વર્ષની સરખામણીમાં થોડો વધેલો દેખાય. પણ, આ વધારો ભ્રામક છે. 2024-25 ના, જેના વાસ્તવિક ખર્ચના આંકડા ઉપલબ્ધ છે**

આ વર્ષના બજેટમાં નાણાંમંત્રીએ ત્રણ કર્તવ્યની વાત કરી. કર્તવ્ય આર્થિક વિકાસને વેગ આપવો, કર્તવ્ય લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવી અને ત્રીજું દરેક પરિવાર, સમુદાય, પ્રદેશ, ક્ષેત્રને સંસાધનો અને તકો મળે એ સુનિશ્ચિત કરવું. એટલે કે 'સબકા સાથ, સબકા વિકાસ' એ સરકારનું ત્રીજું કર્તવ્ય છે, જેને માટે સામાજિક ક્ષેત્રે સરકાર ખર્ચ કરતી રહે છે. સરકારી ખર્ચ પાછળના બે મહત્ત્વના હેતુ રહ્યા છે - એક, આર્થિક વિકાસને વેગ આપવાનું અને બે, સામાજિક ન્યાય માટે આવકનું પુનઃવિતરણ. બળિયાના બે ભાગ હોય એટલે આર્થિક વિકાસના હેતુને મહત્ત્વ મળતું રહ્યું છે જ્યારે સામાજિક ન્યાયનો હેતુ ખોડંગાતો રહે છે. 'સબકા સાથ, સબકા વિકાસ'નો સંબંધ આમ તો સામાજિક ન્યાય સાથે છે, જે માટેનો ખર્ચ ૨૦૨૪-૨૫માં ૧૭ ટકા જેટલો નીચો નોંધાયો હતો

સરકારનું વાર્ષિક બજેટ સરકારની અગ્રિમતા બતાવે એવું પરંપરાગત દૃષ્ટિએ કહેવાય, પણ પાછલાં વર્ષોમાં બજેટના ભાષણમાં થયેલી દરખાસ્ત અને વર્ષના અંતે થયેલા વાસ્તવિક ખર્ચ વચ્ચે ભેદ રહે ત્યારે પહેલી ફેબ્રુઆરીની રજૂઆત રાજકીય ભાષણ વધારે લાગે છે. સરકારની સાચી અગ્રિમતા સમજવા માટે વર્ષ પછી થયેલા ખર્ચના આંકડાની રાહ જોવી પડે. ગયા વર્ષના આંકડા અને એ સંદર્ભે આ વર્ષની જોગવાઈઓ જોતાં સરકારની પ્રતિબધ્ધતાનું એક જૂદું ચિત્ર ઊભું થાય છે.

કલ્યાણકારી યોજના પાછળના કુલ ખર્ચ ગયા વર્ષની સરખામણીમાં થોડો વધેલો દેખાય. પણ, આ વધારો ભ્રામક છે. 2024-25 ના, જેના વાસ્તવિક ખર્ચના આંકડા ઉપલબ્ધ છે, એવાં આઠ મુખ્ય મંત્રાલયોએ 0.3% થી માંડીને ૭૮% જેટલા બજેટનો ખર્ચ કર્યો નથી! દા.ત. ૨૦૨૫-૨૬ના બજેટમાં મહિલાઓના કલ્યાણ માટે ફાળવાયેલાં નાણાં - એટલે કે જેન્ડર બજેટના માત્ર ૭૧ ટકા જ ખર્ચ થયા હતા. આરોગ્ય, શિક્ષણ અને સામાજિક કલ્યાણ અંગેના 2025-26 ના સુધારેલા અંદાજો સૂચવે છે કે મૂળ ફાળવવામાં આવેલા ભંડોળનો પણ સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવ્યો નથી. છેલ્લા એક દાયકામાં, આ રકમમાં ભાગ્યે જ નોંધપાત્ર વધારો થયો છે. ફુગાવાને ગણતરીમાં લઈએ તો વાસ્તવિક રકમ તો ઘટી છે! આમેય, સમાજ કલ્યાણનાં ક્ષેત્રોને - ખાસ કરીને શિક્ષણ અને આરોગ્યને ફાળવાતું ભંડોળ -આંતરરાષ્ટ્રીય માપદંડના પ્રમાણમાં ઘણું ઓછું રહ્યું છે અને એનો પણ પૂરો ઉપયોગ નહિ!

નવી શિક્ષણ નીતિની ભલામણ પ્રમાણે શિક્ષણ પાછળનો ખર્ચ જીડીપી ના ૬ ટકા જેટલો હોવો જોઈએ. યુનેસ્કો પણ ચારથી છ ટકાની ભલામણ કરે છે. ૨૦૧૯-૨૦ માં શિક્ષણ પાછળ ત્રણ ટકાનો ખર્ચ થયો હતો. શિક્ષણ પાછળ જરૂર કરતાં ઓછો ખર્ચ થતો હોવાની ચર્ચા સતત ચાલતી રહે છે. તેમ છતાં આ વર્ષની દરખાસ્તમાં શિક્ષણ પાછળના સરકારી ખર્ચની અંદાજીત રકમ જીડીપીના ૨.૬ ટકા જેટલી જ થાય છે.

આરોગ્ય પાછળના ખર્ચમાં નાનકડો વધારો થયો છે, જે વૈશ્વિક માપદંડની સરખામણીએ ખૂબ ઓછો છે. વળી, જો ફુગાવાને ગણતરીમાં લઈએ તો વાસ્તવિક બજેટ તો ઓછું થયું છે. વળી, આ વર્ષે નિષ્ણાતોના મતે ફાર્માસ્યુટિકલ અને આયુષ વિભાગને પ્રાધાન્ય આપવાના પ્રયત્નમાં પ્રાથમિક આરોગ્ય પરથી ધ્યાન ખસી જાય છે. કોવિડના અનુભવે આપણે જાહેર આરોગ્યની માળખાકીય સુવિધાની અગત્ય સમજ્યા હતા. પણ, કોવિડ ગયો અને ધ્યાન ફરી મેડીકલ ટુરીઝમને પ્રોત્સાહન આપવા જેવા એજન્ડા પર ગયું. એનાથી જીડીપીમાં ચોક્કસ વધારો થશે અને ફાયદો કોર્પોરેટ હોસ્પિટલને થશે પણ, સામાન્ય માણસના આરોગ્ય પાછળના સતત વધી રહેલા બિલમાં ફરક નહિ આવે.

સામાજિક ક્ષેત્રે પણ માળખાગત સુવિધા ઊભી કરવી એ સરકારની લાંબા ગાળાની નીતિનો અગત્યનો ભાગ ગણાય અને એ અંગેની યોજનાઓને શાનદાર રીતે જાહેરાત થતી હોય છે. પણ, જે માળખાગત સુવિધા ઔદ્યોગિક વિકાસના હેતુ માટે નહીં પણ લોક કલ્યાણના હેતુ માટે તૈયાર થઈ હોય એવી ગ્રામીણ અને શહેરી આવાસ યોજના, ગ્રામીણ રસ્તાઓ અને ઘરગથ્થુ નળનાં પાણીના કાર્યક્રમોની પરિસ્થિતિ પણ ખાસ સારી નથી. ઘર ઘર સુધી શુદ્ધ પાણી પહોંચાડવા માટે બનેલી જળ-જીવન મિશન યોજના માટે ફાળવાયેલા ૬૭૦૦૦ કરોડ રૂપિયામાંથી માત્ર ૧૭૦૦૦ જ વપરાયા - એટલે કે ૨૫ ટકા! તાજેતરનો ઈન્દોર, દિલ્હી, કે ગાંધીનગરમાં ફેલાયેલા પાણીજન્ય રોગથી એટલું તો કહી જ શકીએ કે આ મિશન પૂર્ણ થવાને હજુ ઘણી વાર છે એટલે નાણાંના ખર્ચની તાતી જરૂર તો છે જ.

શ્રમ અને રોજગાર મંત્રાલય માત્ર ૪૦ ટકા નાણાં ખર્ચે, કૌશલ વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય માત્ર ૪૫ ટકા નાણાં ખર્ચે જે ચિંતાનો વિષય છે. કારણકે, આ બધા વિભાગો સામાન્ય માણસ સુધી પહોંચે છે.

ભારત ને દુનિયા સાથે કદમ મેળવવાની જરૂર છે એ માટે ટેકનોલોજી આધારિત શિક્ષણ અને આરોગ્ય પર ધ્યાન અપાય એ જરૂરી છે, પણ એ સામાન્ય માણસના હિસ્સે આવતા ફાયદાના ભોગે નહિ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# બજેટ હવે મહત્ત્વનું જ નથી અને આ બજેટમાં કશું મહત્ત્વનું નથી

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**આમાં સામાન્ય માણસની રોજિંદી જિંદગી પર કોઈ અસર થવાનાં લક્ષણ નથી. ના પેટ્રોલના ભાવ ઘટવાના છે ના સ્કૂલની ફી, ના થિયેટરોની ટીકીટ. તો સરવાળે વાત એમ છે કે આર્થિક ઉદારીકરણ અને રાજનીતિના નવા યુગમાં બજેટ જ મહત્ત્વનું નથી**

એક સમય હતો કે દેશનું બજાર અને ઉદ્યોગપતિઓ, વ્યાવસાયિકો બજેટની રાહ જોતાં હતાં. બજેટમાં જે વસ્તુના ટેક્સ વધે તેની બજેટના અમલ પહેલાં ખરીદી કરવા સામાન્ય લોકો પણ બજેટનું ધ્યાન રાખતા. દેશમાં રેલ બજેટ અને સામાન્ય બજેટ જુદાં રજૂ થતાં. અંગ્રેજી શાસન સમયથી અંગ્રેજ વાઈસરોય ઈંગ્લેન્ડના સમય અનુસાર ત્યાં પાર્લામેન્ટ મળે ત્યારે ત્યાંના સવારના સમયે બજેટ રજૂ કરતા એટલે ભારતમાં બજેટ સાંજના સમયે રજૂ થતું. છેક એન.ડી.એના શાસન સમયે, અટલજીની સરકાર વખતે ભારતમાં ભારતીય સંસદ મળે તે સમયે અગિયાર વાગ્યે બજેટ રજૂ કરવાનું શરૂ થયું. પણ બજેટ તો મહત્ત્વનું જ રહ્યું કારણકે દેશ મિશ્ર અર્થતંત્રની નીતિથી ચાલતો હતો અને સમાજવાદ તરફ ઢળેલો હતો,સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર, શિક્ષણ, આરોગ્ય જેવી સામુહિક સેવાઓનું ખાનગીકરણ ન હતું અને માટે જીવનમાં વપરાતી મોટા ભાગની વસ્તુઓ અને સેવાઓના ભાવ સરકારના નિયંત્રણમાં હતા અને આ તમામ ભાવ વર્ષે એક જ વાર બદલાતા હતા. પેટ્રોલના ભાવથી રેલવેનાં ભાડાં કે ઈવન સિનેમા ટીકીટના ભાવ વરસ દિવસ સુધી બદલાતા ન હતા. પણ,છેલ્લાં વર્ષોમાં સ્થિતિ અને નીતિ બન્ને બદલાઈ ગયાં છે. આર્થિક ઉદારીકરણ બાદ ખાનગીકરણનો વ્યાપ વધવાથી સ્કૂલની ફી થી માંડીને સિનેમાના ટીકીટ દર બધું જ સતત બદલાતું રહે છે અને તે નક્કી કરવાનો હક પણ સરકારને નથી ખાનગી માલિકોને છે.વળી આર્થિક ઉદારીકરણ બાદ કરવેરા સતત ઘટાડીને વ્યાપાર વધારવા તરફની નીતિ અપનાવાઈ, માટે સરકાર હવે ટેક્ષ વધારતી તો નથી જ. પહેલાં હૂંડિયામણ અને પેટ્રોલ ડીઝલના ભાવ સરકાર-નિયંત્રિત હતા. હવે વિદેશી હુંડિયામણ અને પેટ્રોલ ડીઝલના ભાવ માંગ અને પુરવઠાનાં બજાર પરિબળો પર આધારિત બનાવી દેવાયાં છે એટલે રૂપિયાના મૂલ્ય માટે કે પેટ્રોલ ડીઝલના ભાવ માટે બજેટની રાહ જોવાની નથી. અધૂરામાં પૂરું જી.એસ.ટી.ના અમલ પછી રોજિંદા વપરાશની નેવું ટકા વસ્તુઓનો ટેક્ષ જી. એસ. ટી. કાઉન્સિલ નક્કી કરે છે જે વર્ષમાં બે વાર નક્કી થાય છે અને રાજકીય સ્થિતિ મુજબ અચાનક જાહેરાત પણ થાય છે.

બંધારણીય સુધારા મુજબ તો જી.એસ.ટી. કાઉન્સિલને જી. એસ. ટી.ના દર નક્કી કરવાનો હક છે. એક રીતે આ સુધારણાના કારણે રાજ્યોના બજેટનું પણ મહત્ત્વ પણ ઘટી ગયું છે કારણ કે હવે રાજ્યોને ટેક્ષ લગાવવાની સત્તા જ નહિવત્ થઈ ગઈ છે. એટલે નાણાંમંત્રીને હવે બજેટનાં સંસાધનોની ફાળવણી સિવાય કોઈ જાહેરાત કરવાની રહેતી નથી. વળી અર્થશાસ્ત્ર અને એકાઉન્ટના નિયમો મુજબ બજેટ એટલે આવનારા વર્ષમાં થનારા ખર્ચ અને આવકના અંદાજો રજૂ કરતો દસ્તાવેજ. હવે છેલ્લાં વર્ષોથી આપણે જોઈ રહ્યાં છીએ કે નાણાં મંત્રી છેક ૨૦૪૭ માં ભારત સ્વતન્ત્રતાનાં સો વર્ષ પૂરાં કરશે ત્યારે શું થશે તેની વાત બજેટમાં કરે છે. આમ તો ગમે ત્યારે થઈ શકે. રોજ થઈ શકે પણ રાજકીય રીતે આ ચૂંટણી પ્રચાર છે અને આર્થિક રીતે એક મહત્ત્વાકાંક્ષા છે. બજેટમાં તે ક્યાં જરૂરી છે?

બજેટ રજૂ થવાના બે દિવસ પહેલાં અને બજેટ રજૂ થવાના બીજા દિવસે થયેલી ટ્રેડ ડીલની જાહેરાતો એ બજેટના રહ્યા સહ્યા મહત્ત્વ સામે પણ પ્રશ્નો ઊભા કર્યા છે. કારણ કે બન્ને તે ડીલ અન્તે તો વિદેશી વસ્તુઓ પરના કરવેરાની જાહેરાતો જ છે. દુઃખની વાત એ છે અમેરિકાના રાષ્ટ્રપતિ જાહેરાત કરે છે કે ભારત તેમની વસ્તુઓ પર કેટલો ટેક્ષ લગાવશે અને કેટલા કરોડની અમેરિકા પાસેથી ખરીદી કરશે. એટલે હાલ સ્થિતિ એ છે કે બજેટ કરતાં આ ડીલની અર્થતંત્ર પર વધારે અસર પડવાની છે. યુરોપિયન ડીલમાં દારૂ સસ્તો થવાનો છે પણ એવી દેશી મોટર સસ્તી થવાની છે જ્યારે અમેરિકન ડીલની વિગતો ઉપલબ્ધ નથી પણ કહેવાય છે કે અમેરિકાની વસ્તુઓ સસ્તી થવાની છે. આમાં સામાન્ય માણસની રોજિંદી જિંદગી પર કોઈ અસર થવાનાં લક્ષણ નથી. ના પેટ્રોલના ભાવ ઘટવાના છે ના સ્કૂલની ફી, ના થિયેટરોની ટીકીટ. તો સરવાળે વાત એમ છે કે આર્થિક ઉદારીકરણ અને રાજનીતિના નવા યુગમાં બજેટ જ મહત્ત્વનું નથી અને આ વર્ષે રજૂ થયેલું બજેટ તો કોઈ મોટી અસર ઊભી કરવાનું નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## BBC હિન્દી ન્યૂઝ ચેનલ

હમણાં 25 જાન્યુઆરીએ સવાયા ભારતીય બનીને રહેનારા પત્રકાર માર્કટુલીનું દુઃખદ નિધન થયું. તે જમાનામાં ટીવીની જગ્યાએ રેડિયોનું સામ્રાજ્ય હતું. લંડનથી પ્રસારિત સાંજે 7: 40 ની એક કલાકની હિન્દી સમાચાર સભા 'બીના કા ગીત માલા' જેટલી જ લોકપ્રિય હતી. રાજકારણ, રમત જગત, મનોરંજન, દુનિયાના બનતી ઘટનાઓની રસપ્રદ માહિતી અસ્ખલિત હિન્દી શિષ્ટ ભાષામાં સાંભળવું ગમતું. ક્રિકેટનું મક્કા ગણાતું લોડ્ર્સ, હેડિંગલી ,ઍજબાસ્ટન જેવા લોકપ્રિય મેદાનથી તે સમયે મોટે ભાગે લંચનો સમય હોય માર્કટુલી સમાચાર કવર કરતા. 83 'કપિલ દેવે જીતેલો વર્લ્ડ કપ. ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધીની હત્યા, શ્રીલંકાના જાફનામાં એલટીટીની લડાઈ, ઈન્ડોનેશિયાનો ભૂકંપ,, વગેરે ન્યૂઝ આવતી. આજની ટીવી ચેનલના ન્યૂઝ રીડરો રજત શર્મા સિવાય શિષ્ટ અને શાલીન ભાષામાં રજૂ નથી કરતા. 'ગુજરાતમિત્ર'નો રવિવારની પૂર્તિનો, ઈનસાઈડ આઉટસાઈડની કોલમ લેખ વાંચવી જોઈએ. અંતે બી.બી.સી.ના મહાન પત્રકાર માર્કટુલીને મારી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ શબ્દાંજલિ, પુષ્પાંજલિ. સમાચાર પીરસવાની શું શૈલી હતી. દક્ષિણ ગુજરાતનું શિષ્ટ અને સંસ્કારી દૈનિક અખબાર ગુજરાત મિત્રને અભિનંદન.

**બીલીમોરા - ચૌધરી ગીરીશકુમાર**

## સુરતની શેરીઓ

અમદાવાદ ની પોળ ની જેમ સુરતની શેરીઓ ની અલગ ઓળખ છે.નાની મોટી ગલીઓ આજુબાજુ ઘરોની વચ્ચે આવતી શેરીઓ,શેરીઓમાં નાના મોટા કાચા મકાનો હોય,મકાનોમાં ઓટલા હોય,ઓટલા પર લાકડાના બાંકડા હોય,બાંકડા પર વડીલો ની બેઠક હોય,ઓટલા પર ગૃહિણી સમીસાંજે શાકભાજી સમારતી હોય,વેકેશનમાં બાળકો રમતો રમતા હોય અને રાત્રે યુવાનો ની ઓટલા સંસદ ભરાય આખા દિવસની ઘટનાનો નું વિશ્લેષણ થાય વાદવિવાદ પણ થાય,હસી મજાક અને વિચારોની આપ લે થાય.શેરીમાંથી લગ્ન ના વરઘોડા જાય ત્યારે ઓટલાઓ છલકાય ઘરના લોકો વરઘોડા ને જોવા ઘરના ઓટલે કતારબંધ બેસી જાય,તેવી રીતે ગણપતિના ની શોભાયાત્રા જોવાનો લ્હાવો પણ કંઈક અલગ હોય.લગ્ન પ્રસંગ માં શેરીમાં જમણવાર યોજાય,લગ્નના મંડપ બંધાય.કોઈક ના ઘરોમાં દુઃખદ ઘટના બનેતો આખી શેરીના લોકો મદદે પહોંચી જાય.દિવાળીમાં ના દરેક ઘરો પર લાઈટીંગ થાય ત્યારે શેરીઓ માં રોનક લાગે.આજે વિકાસ વિકાસ ની લ્હાયમાં શેરી સંસ્કૃત્તિ ને સાચવવી એ આપણી પણ અને સરકાર ની પણ ફરજ છે.

**સુરત - કિરીટ મેઘાવાલા**

## કાળાધોળા એ કદી કરતાં નથી ભલે નામ છે કાળુભાઈ

પહેલા માળના આ ફ્લેટ જ હવે બાકી બચ્યા છે તો હવે એમાંથી આ એક ફ્લેટ અમને અનુકૂળ થશે. આમ તો મિડલ ફ્લોર જ અમારી પહેલી પસંદગી હોય પણ તમારા આ પ્રોજેક્ટમાં એ બધાં બુક થઈ ગયાં છે એટલે હવે આ રાખીએ.' ફ્લેટ લેવા ઈચ્છનારની આ વાત સાંભળી બિલ્ડરે કહ્યું કે તમે પહેલા માળે ફ્લેટ લેવો રહેવા દો. તમારી પસંદગીના માળે તમને ફ્લેટ મળતો નથી તો પછી બીજા કોઈ પ્રોજેક્ટમાં તમે ફ્લેટ લો. મારા આ પ્રોજેક્ટમાં તમે ફ્લેટ ન લો. પુષ્ય નક્ષત્રનાં શુભ મુહૂર્તમાં રોકડા રૂપિયા ટોકન પેટે આપી ફ્લેટ બુક કરાવવા આવનાર પાસેથી ટોકન ન લેનાર બિલ્ડરને તમે શું કહેશો..? લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા જવાની મૂર્ખતા કોઈ બિલ્ડર કરે ખરો.? અરે.એક જ ફ્લેટ બે ત્રણ પાર્ટીને વેચી રોકડા કરી લેનાર બિલ્ડરોની જમાતમાં આ તે કેવો બિલ્ડર? જે પહેલા માળના ઓછી ડિમાન્ડવાળા ફ્લેટના ગ્રાહકને સામે ચાલી એ ફ્લેટ ન લેવાની સલાહ આપીને પોતાનો લાભ જતો કરે! નામ કાળુભાઈ પણ વ્યવહારમાં સ્હેજ પણ કાળુંધોળું નહીં, બિલ્ડિંગ કન્સ્ટ્રકશન પૂરી પ્રામાણિકતાથી કરવાનું. સુરત જેવાં શહેરમાં નીતિમત્તા જાળવી પ્રામાણિકતાથી લોકોને સુવિધાયુક્ત ઘર પૂરું પાડવાની નેમ રાખનાર કાળુભાઈ જેવાં બિલ્ડરો જ એમના વ્યવસાયને અને સમાજને ઊજળો બનાવે છે.

**સુરત - પ્રકાશ પરમાર**

## મચ્છરનાં ત્રાસને નાથવા સુરત મ્યુનિસિપલ પાસે દવા નથી!

રાંદેર ઝોનના ગૌરવ પથ તથા પાલ વિસ્તારનો વિકાસ ઝડપી ગતિએ થઈ રહ્યો છે. આજુબાજુના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં બાંધકામો ચાલી રહ્યા છે. તેની સાથે મચ્છરનો ત્રાસ પણ દિવસેને દિવસે વધી રહ્યો છે. રહેવાસીઓએ સાંજ પડતાં જ બારી-બારણાં બંધ રાખવા ફરજિયાત બની ગયું છે; સાંજે બહાર બેસવું કે બાળકોને રમવા દેવું પણ મુશ્કેલ બની ગયું છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અનેકવાર ફરિયાદ કર્યા છતાં કોઈ અસરકારક પગલાં લેવામાં આવતા નથી, જાણવા મુજબ મચ્છરનાશક દવાનો જ અભાવ છે. લાખો-કરોડોના વિકાસ કાર્યો કરતી પાલિકાને જો પ્રજાજનોની આરોગ્ય સંબંધિત તકલીફો નિવારવા પૂરતા પગલાં લેવા માટે દવા ઉપલબ્ધ ન હોય, તો એ અત્યંત ચિંતાજનક બાબત છે. હોદેદારશ્રીઓએ આ બાબતે તાત્કાલિક ધ્યાન આપીને જરૂરી કાર્યવાહી કરે એ વિનંતી.

**પાલ - યોગેશ દેસાઈ**

## તિરાડ

હવે તો સરકાર નિર્મિત પુલો, માર્ગો, બાંધકામો, ઈમારતો નવી નવી બનેલી હોવા છતાં ટૂંક સમયમાં જ તેમાં તિરાડ પડેલી જણાય છે, જે જોખમી હોય છે. સરકારી તંત્રોમાં પણ તિરાડ પડેલી જણાય છે. નિષ્ઠાપૂર્વક ચોક્કસ કામ ન થાય અને ભ્રષ્ટાચારનું આચરણ થાય ત્યારે સમજવું કે તંત્રમાં તિરાડ પડેલી છે. ગઠબંધનથી રચાયેલી સરકારમાં જયારે આંતરિક મતભેદો સર્જાય તે પણ ત્યારે તિરાડ બની રહે છે. લોકશાહીમાં જયારે પણ ભૂકંપ સમાન તિરાડ પડે ત્યારે તાનાશાહી છવાઈ જાય છે. મજાકરૂપ લોકશાહી ત્યારે જોકશાહી બને તો ગણતંત્રની મશ્કરી લશ્કરી રાજ પ્રસ્થાપિત કરે છે. કૌટુંબિક સંબંધોમાંયે તિરાડ અનિચ્છનીય છે. આમ તિરાડ ન પડે, મજબૂતી જળવાય તેવો વ્યવહાર જરૂરી છે.

સાંસ્કૃતિક ગૌરવ સમાન સ્થાપત્યો, સદીઓ પછી પણ બરાબર જળવાઈ રહ્યાં છે અને તેમાં તિરાડ જણાતી નથી. અતિ સંવેદનશીલનું હૈયું તિરાડ જોઈ રાડ પાડી દે એ રીતે ઉકળી ઊઠે છે. ભ્રષ્ટ લોકોને કાંઈ પડી હોતી નથી. ઉપરથી રાષ્ટ્રપ્રેમ, ધર્મપ્રેમ અને માનવતાનો ઢોંગ કરતા રહે છે.

શુદ્ધ આચરણ માટે યુગેયુગે સંતપુરુષો જન્મતા રહ્યા છે, છતાં એકવીસમી સદીમાં પણ હજી આદર્શ સમાજ બની શક્યો નથી, શુધ્ધ રાજકારણ અને સાચો સેવાભાવ, જનકલ્યાણની સાચી નિષ્ઠા હજી પણ અદૃશ્ય છે, અને તેથી જ તિરાડો પડતી રહે છે. ધન વૈભવ અને સત્તા માનવમનને વિચલિત કરતા તત્વો ગણાય. ક્રુદ્ધ પ્રકૃતિ પણ ભૂકંપ દ્વારા તેના પ્રત્યાઘાતરૂપે તિરાડ સાથે ભૂમિ પર ઘણીવાર દેખાય.

**સુરત - યૂસુફ એમ. ગુજરાતી**